# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૩૦૫૪-૨ — તારીખ : ૨૯ - ૦૪ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,
રાણપરીયા ગૌતમભાઈ જેન્તીભાઈ
મું. પો. : ગુંદાસરા, તા. : ગોંડલ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૩૧૧
મોબાઈલ : ૯૬૨૪૩૧૧૯૪૭

વિષય : હાલ ૩૭ KW લોડ હોય ૧૫ માસ પહેલા વધુ હોર્સ પવારનો વપરાશ થયેલ તે બાબત.

સંદર્ભે: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૫-૦૩-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૮/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર વેરાવળ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૮/ક્વા-૪/૨૧-૨૨/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

*Case No.PG- ૨૮/ક્વા-૪/૨૧-૨૨*

અરજદાર : રાણપરીયા ગૌતમભાઈ જેન્તીભાઈ ગામ: ગુંદાસરા

પેટા વિભાગીય કચેરી : શાપર-વેરાવળ

રજૂઆત કરનાર : અરજદાર રાણપરીયા ગૌતમભાઈ જેન્તીભાઈ અને તેમની સાથે હિરલ રાણપરીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી –ગ્રામ્ય રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી જી.એચ.પટેલ, કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ :કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ :૨૦.૦૪.૨૦૨૨ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦-૦૪-૨૦૨૨ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની રજુઆત મુજબ બાલાજી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં પ્લોટ નં – ૨૨, ગંગા ફોર્જિંગ રોડ, ગામ: શાપર ખાતે ગ્રાહક નં. ૮૧૯૦૧/૦૫૫૭૫/૨ થી ૩૭ KW નું ઔદ્યોગિક વીજજોડાણ શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. જેમાં ૧૫ મહિના પહેલા વધુ હોર્સ પાવરનો વપરાશ કરેલ હોય પી.જી.વી.સી.એલ. દ્વારા નોટીસ પાઠવેલ છે તેમજ તેનું કવોટેશન પણ આપેલ છે. વધુમાં અરજદાર જણાવે છે કે છેલ્લા ૧૫ મહિનાથી તેઓનો વપરાશ ૧૨ KW નો પણ વપરાશ નથી, જેથી અરજદારને હાલ કોઈ લોડ વધારાની જરૂરિયાત ન હોય સદર લોડ વધારાનું કવોટેશન રદ કરી આપવા માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રી રાણપરીયા ગૌતમભાઈ જેન્તીભાઈ ગ્રાહક નં- ૮૧૯૦૧/૦૫૫૭૫/૨ થી એલ.ટી.એમ.ડી. ટેરીફનું ૩૭ કી.વો.નું વીજકનેકશન શાપર વેરાવળ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ ધરાવે છે. સદર વીજકનેકશનમાં અરજદાર દ્વારા એક વર્ષમાં પ્રતિ માસ નિયત લોડ / ડિમાન્ડ કરતા વધુ ડિમાન્ડ સાથે વિજ વપરાશ કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| (કોસ્ટક – ૧) | | |
|---|---|---|
| નાણાકીય વર્ષ દરમ્યાન નોંધાયેલ મહતમ ડીમાંડ KW માં | | |
| માસ | વર્ષ-૨૦૧૯-૨૦ | વર્ષ-૨૦૨૦-૨૧ |
| એપ્રિલ | - | ૭૫ |
| મેં | ૬૬ | ૭૨ |
| જૂન | ૬૭ | ૬૮ |
| જુલાઈ | ૬૭ | ૭૧ |
| ઓગસ્ટ | ૬૫ | ૭૨ |
| સપ્ટેમ્બર | ૬૯ | ૧ |
| ઓક્ટોમ્બર | ૬૫ | ૧ |
| નવેમ્બર | ૭૩ | ૧ |
| ડીસેમ્બર | ૭૧ | ૧ |
| જાન્યુઆરી | ૭૪ | ૧ |
| ફેબ્રુઆરી | ૭૬ | ૫ |
| માર્ચ | ૦ | ૨ |

૩.૧ ઉપરોક્ત વિગતે સદર ગ્રાહક દ્વારા તેઓના વિજ-જોડાણમાં કરારિત વીજભાર કરતા વધુ વીજભાર વપરાશ કરેલ હોવાથી જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ-૨૦૧૫ ના ક્લોઝ નંબર ૪.૯૫ મુજબ તથા પ્રવર્તમાન નિયમ મુજબ લોડને નિયમિત કરવા સદર ગ્રાહકને શાપર-વેરાવળ પેટા-વિભાગીય કચેરીએથી નીચેના પત્રોથી નોટીસ ઇસ્યુ કરેલ છે.

(૧) ડીઈ/એસવીએસડી/રેવ/૬૧૩૯/૧૦.૧૦.૨૦૧૯ (૨) ડીઈ/એસવીએસડી/રેવ/૭૦૭૫/૧૪.૧૧.૨૦૧૯
(3) ડીઈ/એસવીએસડી/રેવ/૭૩૬૩/૧૪.૧૧.૨૦૧૯ (૪) ડીઈ/એસવીએસડી/રેવ/૪૮૪૮/૨૯.૦૯.૨૦૨૦
(૫) ડીઈ/એસવીએસડી/રેવ/૪૮૪૯/૨૯.૦૯.૨૦૨૦ (૫) ડીઈ/એસવીએસડી/રેવ/૫૩૭૨/૨૯.૧૦.૨૦૨૦
(૭) ડીઈ/એસવીએસડી/રેવ/૨૯૧૬/૨૬.૦૫.૨૦૨૧

આમ, ઉપરોક્ત નોટીસ આપ્યા બાદ પણ ગ્રાહક શ્રી દ્વારા તેઓના વિજજોડાણમાં કરારિત વીજભાર કરતા વધુ સરેરાશ વપરાશ મુજબના વીજભારને નિયમિત કરવા કોઈ કાર્યવાહી ન કરાતા જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ ૨૦૧૫ ક્લોઝ નં.૪.૯૫ મુજબ કરારિત વિજભારમાં સરેરાશ ૧૧ કી.વો.નો વધારો કરવો અનિવાર્ય અને ધારા-ધોરણ મુજબ હોવાથી, સક્ષમ અધિકારી પાસેથી જરૂરી મંજુરી મેળવી, અંદાજપત્ર કુલ રકમ રૂ.૨૦૩૬૨૧.૦૦ નું આપવામાં આવેલ, જે ગ્રાહકશ્રી દ્વારા નિયત સમયમર્યાદામાં ભરપાઈ કરાયેલ નથી.

## ::હુકમ::

૪.૦ અરજદારે અને સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓ રાણપરીયા ગૌતમભાઈ જેન્તીભાઈ નામે બાલાજી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં પ્લોટ નં - ૨૨, ગંગા ફોર્જિંગ રોડ, ગામ: શાપર ખાતે ગ્રાહક નં.૮૧૯૦૧/૦૫૫૭૫/૨ થી ૩૭ KW નું LTMD વીજજોડાણ તા.૨૨-૦૪-૨૦૧૯ થી ધરાવે છે.

૪.૨ પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૧૮-૦૨-૨૦૨૨ થી અરજદારને સદર વીજજોડાણમાં સુઓમોટો અંતર્ગત રૂ.૨૦૩૬૨૧.૦૦ નું અંદાજપત્ર આપવામાં આવેલ છે. સદર અંદાજપત્ર અન્યાય કર્તા હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ સદર વીજજોડાણમાં નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં પ્રતિમાસ મહત્તમ ડિમાન્ડ, કરારિત ડિમાન્ડ કરતા વધુ વખત વીજવપરાશ કરેલ હોય સદર ગ્રાહકને સમયાંતરે લેખિત નોટીસ નીચે મુજબ અપાયેલ છે.

| (કોસ્ટક – ૨) | | |
|---|---|---|
| ક્રમ | પત્ર નં અને તારીખ | પત્ર મુજબની વિગત |
| 1 | No. :6139 Dtd: 10.10.2019 | Aug-19 Contract Demand 15 KW Actual Demand 27 KW |
| 2 | No. :7075 Dtd: 14.11.2019 | Sep-19 Contract Demand 37 KW Actual Demand 69 KW |
| 3 | No. :7363 Dtd: 14.11.2019 | Oct-19 Contract Demand 37 KW Actual Demand 65 KW |
| 4 | No. :4848 Dtd: 29.09.2020 | Jul-20 Contract Demand 37 KW Actual Demand 68 KW |
| 5 | No. :4849 Dtd: 29.09.2020 | Aug-20 Contract Demand 37 KW Actual Demand 71 KW |
| 6 | No:5372 Dtd: 29.10.2020 | Sep-20 Contract Demand 37 KW Actual Demand 72 KW |
| 7 | No:2916 Dtd:26.05.2021 | F.Y.-2020-21 – Drawn Excess Demand of 5% or more–30 Days Notice |

ઉપરોક્ત બાબતે સદર ગ્રાહક દ્વારા તેઓના વીજજોડાણમાં કરારિત વીજભારમાં વધારો કરવાની કોઈ કાર્યવાહી કરેલ ન હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા સુઓ-મોટો એસ્ટીમેટ તા.૧૮-૦૨-૨૦૨૨ થી આપેલ છે જેમાં નીચે મુજબના ચાર્જની નોંધ કરેલ છે.

| (કોસ્ટક – ૩) | |
|---|---|
| Existing Load 37 KW<br>Applied Load 71 KW<br>Additional Load 34 KW | Agreement Fee Rs.300/-<br>Fix Charge Rs.37400/-<br>Security Deposit Rs.165921/-<br>Total Estimate Cost Rs.203621/- |

પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ સદર ભાવપત્રક ગ્રાહક દ્વારા ભરપાઈ કરાયેલ નથી. સદર બાબતે ગ્રાહક દ્વારા અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે તે મુજબ તેઓના યુનીટમાં હાલ કામકાજ બંધ કરેલ હોવાથી સરેરાશ વપરાશ ૧૨ KW ની આસપાસ આવે છે તેમજ વધુ વીજભારની જરૂરીયાત ન હોવાથી આપેલ ભાવપત્રક રદ ગણીને જે કઈ મીનીમમ ચાર્જ ભરપાઈ કરવાનો થશે તે ભરપાઈ કરવા સહમતી બતાવેલ છે.

૪.૪ અરજદારના સદર વીજજોડાણમાં કરેલ વીજવપરાશ મુજબ નોંધાયેલ મહતમ વાસ્તવિક ડિમાન્ડ / બિલીંગ ડિમાન્ડ પી.આર.ટી.-૧૪૫ મુજબ નાણકીય વર્ષ ૨૦૧૯-૨૦,૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં નીચે મુજબ નોંધાયેલ છે.

| (કોસ્ટક – ૪) | | | |
|---|---|---|---|
| Consumer No.:81901/05575/2, Maximum Actual Demand / Billing Demand in KW | | | |
| Month | Year 2019-20 | Year 2020-21 | Year 2021-22 |
| Apr | 66 / 66 | 72 / 72 | 2 / 31.5 |
| May | 67 / 67 | | 2 / 31.5 |
| Jun | 67 / 67 | 68 / 68 | 1 / 31.5 |
| Jul | 65 / 65 | 71 / 71 | 1 / 31.5 |
| Aug | 69 / 69 | 72 / 72 | 1 / 31.5 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | | |
|---|---|---|---|
| Sep | 65 / 65 | 1 / 31.5 | 4 / 31.5 |
| Oct | 73 / 73 | 1 / 31.5 | 9 / 31.5 |
| Nov | 71 / 71 | 1 / 31.5 | 10 / 31.5 |
| Dec | 71 / 71 | 1 / 31.5 | 9 / 31.5 |
| Jan | 74 /74 | 1 / 31.5 | 8 / 31.5 |
| Feb | 76 / 76 | 5 / 31.5 | 9.2 / 31.5 |
| Mar | 75 / 75 | 2 / 31.5 | 9.7 / 31.5 |

૪.૫ ઉપરોક્ત બાબતે નામદાર GERCના સપ્લાય કોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૯૫ નીચે મુજબ છે."In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand......."

વધુમાં પી.જી.વી.સી.એલ.માં પ્રર્વતમાનમાં રહેલ ગાઈડલાઈન પત્ર નં - પી.જી.વી.સી.એલ./આર.એન્ડ.સી./૧૯૧૦ તા.૧૯-૦૩-૨૦૨૨ મુજબ "... Some of the LT Consumers whose contract demand exceed by 5 % or more for four times, during previous financial year and such consumers have either controlled their demand or agreed to undertake that they will consume within their contracted demand........

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

......... In such cases, we may allow such consumers with their current contract demand or contract demand within 100 KW by recovering differential fixed / demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code ...... Afterwards, on single instance of excess drawl than contract demand, consumer has to regularize its contract demand. "

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ અને ૪.૫ મુજબ અરજદાર દ્વારા કરારીત વીજભાર ૩૭ KW કરતા મહતમ વીજવપરાશ (૩૭ KW માં ૫% વધારે વીજભાર એટલેકે ૩૮.૮૫ KW કરતા વધારે) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં પણ નોટીફીકેશન નં. –૦૪/૧૫ ના મુદ્દા નં -૪.૯૫ નું ઉલ્લંઘન કરેલ છે.

ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા નોટીસ ઉપરોક્ત (કોસ્ટક – ૨) ની વિગતે આપેલ છે જેમાં ક્રમાંક – ૧ મુજબની નોટીસમાં માહે ઓગષ્ટ-૨૦૧૯ માં કોન્ટ્રાક્ટ ડિમાન્ડ અને વાસ્તવિક ડિમાન્ડ પી.આર.ટી.-૧૪૫ સાથે સુસંગત જણાતી નથી. તેમજ વર્ષ-૨૦૧૯-૨૦ દરમ્યાન સદર ગ્રાહક દ્વારા નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ નું ઉલ્લંઘન કરવા છતાં વીજભાર નિયમિત કરવા અંગેની કોઈ કાર્યવાહી અરજદાર દ્વારા કરાયેલ નથી તેમજ પી.જી.વી.સી.એલ. દ્વારા પણ વીજભાર નિયમિત કરવા અંગેની ૩૦-દિવસની નોટીસ અને સુઓમોટોનું ભાવપત્રક અંતર્ગત કાર્યવાહી કરાયેલ હોય તેવા આધાર-પુરાવા પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ કરેલ નથી જે ખુબજ ગંભીર બાબત છે.

૪.૭ ત્યારબાદ સદર ગ્રાહક દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન પણ નોટીફીકેશન નં. ૦૪/૧૫ ના ક્લોઝ નં -૪.૯૫ નું ઉલ્લંઘન કરેલ છે જે અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારને કરારિત વીજભાર નિયમીત કરવા માટે નિયમાધીન નોટીસ પાઠવવામાં આવેલ છે તે મુજબ અરજદાર દ્વારા જે તે સમયે જરૂરી વીજભાર નિયમિત કરવા માટે કોઈ કાર્યવાહી કરાયેલ નથી. જેથી પી.જી.વી.સી.એલ. દ્વારા ઉપરોક્ત કોસ્ટક – ૨ ના

ક્રમાંક ૦૪ થી ૦૬ મુજબ વીજભાર નિયમિત કરવા નોટીસ આપેલ છે. પરંતુ અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી ન કરતા તા.૨૬-૦૫-૨૦૨૧ થી નોટીસ પાઠવવામાં આવેલ છે તેમ છતાં સદર ગ્રાહક દ્વારા કોઈ કાર્યવાહી ન થતા પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૧૮-૦૨-૨૦૨૨ થી સુઓમોટો અંતર્ગત વીજભાર ૩૭ KW માંથી ૭૧ KW કરવા અંગેનું ભાવપત્રક રૂ.૨,૦૩,૬૨૧/- નું અપાયેલ છે જે નિયમને સુસંગત છે.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે, અરજદારના સદર વીજજોડાણમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં મહતમ વાસ્તવિક ડિમાન્ડ ૦૧ થી ૧૦ KW સુધી નોંધાયેલ છે તે મુજબ અરજદાર દ્વારા તેઓની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ ૩૭ KW થી ખુબજ ઓછા વીજભારનો વપરાશ નોંધાયેલ છે.

૪.૯ નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ના ઉલ્લંઘન બાબતે પી.જી.વી.સી.એલ. કંપનીમાં પ્રર્વતમાનમાં રહેલપત્ર નં - પી.જી.વી.સી.એલ./આર.એન્ડ.સી./૧૯૧૦ તા.૧૯-૦૩-૨૦૨૨ મુજબ સદર કેસમાં અરજદાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન અરજદારની રજૂઆત મુજબ તેમજ નોંધાયેલ મહતમ ડિમાન્ડને ધ્યાને લેતા અરજદાર દ્વારા નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ નું ઉલ્લંઘન કરાયેલ નથી. આ સંજોગોમાં અરજદારની રજૂઆત મુજબ તેઓને વધારે વીજભારની જરૂરીયાત ન હોવાથી તેમજ મીનીમમ ચાર્જ ભરપાઈ કરી આપીશું તેમ લેખિતમાં તેમજ સદર કેસની સુનાવણી દરમ્યાન મૌખિક રજૂઆત કરેલ છે. અરજદારની રજૂઆત મુજબ પી.જી.વી.સી.એલ.માં પ્રર્વતમાનમાં રહેલ ગાઈડલાઈન પત્ર નં - પી.જી.વી.સી.એલ./આર.એન્ડ.સી./૧૯૧૦ તા.૧૯-૦૩-૨૦૨૨ અન્વયે જો અરજદારને કરારિત વીજભાર કરતા વધુ વીજભારની જરૂરીયાત ન હોય તો અરજદાર દ્વારા સુઓમોટો અંતર્ગત અપાયેલ ભાવપત્રક પ્રમાણે ૭૧ KW નો કરારિત વીજભાર કરવાનો થાય છે તે મુજબ અરજદાર પાસેથી બે વર્ષનો મીનીમમ ચાર્જ અને અરજદારે કરારિત વીજભાર કરતા એક પણ વખત વધુ વીજભારનો વપરાશ થશે નહિ તે અંગેની જરૂરી બાહેંધરી આપવાની રહેશે. સદર બાબતોનું પાલન કરવામાં અરજદાર નિષ્ફળ રહેશે તો પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૪.૧૦ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૯ મુજબ કાર્યવાહી દિવસ-૩૦ માં પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ. તેમજ અરજદાર પક્ષકાર ને સુચના આપવામાં આવે છે. સદર બાબતે થયેલ કાર્યવાહીનો રીપોર્ટ અત્રેના ફોરમને આપવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને જાણકારી આપવામાં આવે છે.

૪.૧૧ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi Nitin

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯